Indian Journal of Social Sciences and Literature Studies
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (Online)
Vol. 5, Issue 1, March 2019

# ગાંધીયુગ અને અનુગાંધીયુગનાં સંક્રાંતિ પરિબળો

*ડૉ. મિનેશકુમાર ભારુભાઈ ડામોર
આસીસ્ટન્ટ પ્રોફેસર,ગુજરાતી
શ્રી અટલ બિહારી વાજપેયી
સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાંકલ.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો પ્રારંભ ઈ.સ. બારમી સદીના સુવર્ણ કાળમાં થાય છે . સાહિત્ય જ નહિ બલકે અન્ય કળાઓ પણ સોળે કળાએ વિકસે છે . હેમચન્દ્રાચાર્યના આશિષ પામેલ ગુજરાતી સાહિત્યમાં નરસિંહ મહેતા, મીરાંબાઈ, અખો, પ્રેમાંનાદ, શામળ, દયારામ જેવાં અનેક ભક્ત કવિઓની બાનીએ પોષણ પામે છે .બારમી સદીથી શરુ કરી ઓગાણીસમી સદી સુધીના દીર્ઘ કાળખંડ દરમિયાન ગુજરાતી સાહિત્ય અનેક ચઢાવ-ઉતાર માંથી પસાર થાય છે . અલબત આ સમગ્ર સાહિત્યનો પ્રધાન સૂર ઈશ્વર સ્તવનનો રહ્યો છે . પરંતુઈ.સ. ઓગણીસમી સદીના મધ્ય ભાગથી પાશ્ચાત્યસાહિત્યની યુગવર્તી અસર ગુજરાતી સાહિત્ય પર ઝીલાય છે . પરિણામે સાહિત્ય ધર્મની લક્ષ્મણ રેખાથી મુક્ત બની માનવજીવનના વિધવિધ પાસાઓને સ્પર્શે છે.નિતનવીન સાહિત્ય સ્વરૂપો વિકસે છે , વિસ્તરે છે ને નામાભિધાન પામે છે અર્વાચીન ગુજરાતી સાહિત્ય. આ સમગ્ર સાહિત્ય સર્જનને પ્રેરનારા – પોષનારા, ઘડનારા બળો સમયે – સમયે બદલતાં રહ્યાં છે . અર્વાચીનયુગના ઉદયકાળે અંગ્રેજી શિક્ષણ,સાહિત્ય, સમાજસુધારો ઇત્યાદિ તો પંડિતયુગમાં અંગ્રેજી – સંસ્કૃત શિક્ષણ , ભારતીય સંસ્કૃતિક મૂલ્યો , ગાંધીયુગમાં ગુજરાતી સાહિત્ય બ .ક.ઠાકોરના ખભેથી ઊતરી ગાંધીજીના પ્રભાવ તળે વાસ્તવવાદી સાહિત્ય અને પાશ્ચાત્ય સાહિત્યથી રંગદર્શી સાહિત્ય આકાર પામે છે .જયારે અનુગાંધી યુગમાં ગાંધી અસરથી મુકત બની ગુજરાતી સાહિત્ય ટાગોરની ચાલ પકડે છે.

*ડૉ. મિનેશકુમાર ભારુભાઈ ડામોર, આસીસ્ટન્ટ પ્રોફેસર,ગુજરાતી

શ્રી અટલ બિહારી વાજપેયી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાંકલ.

ઇ.સ. ૧૯૧૫ થી ઈ .સ. ૧૯૪૦ સુધીનોકાળખંડ ગુજરાતી સાહિત્ય જગતમાં 'ગાંધીયુગ' એવું નામાભિધાન પામે છે .ઈ.સ.૧૯૧૪ ના ઉત્તરાર્ધમાં મહાત્મા ગાંધીજી દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનું સફળ નેતૃત્વ પૂરું પાડીને સ્વદેશાગમન કરે છે . ગોપાલકૃષ્ણ ગોખલેના સૂચનથી તેઓ સમગ્ર ભારતનું ભ્રમણ કરી સામન્ય જનતાની વેદના – પીડા અંકે કરે છે . ગાંધીજી સ્વદેશાગમન કરે છે ત્યારે ગુજરાતી સાહિત્યમાં પંડિતયુગ પ્રવર્તમાન હતો. તત્કાલીન ગુજરાતી સાહિત્ય પાંડિત્યપૂર્ણ શૈલીમાં ભદ્ર સમાજ ના વૈભવને રજૂકરે છે . પૂજ્ય બાપુ જીવન ખાતર કલામાં માનનાર વ્યક્તિ હતા. સાહિત્ય માનવ સમાજની ઉન્નતિમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે એ બાબતથી મહાત્મા અવગત હતા. છતાં સાહિત્યમાં સામાન્ય વ્યક્તિને કોઈ સ્થાન ન હતું. જ્યાં સુધી સાચા ભારતનું ચિત્ર સાહિત્યમાં રજૂ ન થાય ત્યાં સુધી સાહિત્ય અને સમાજ બંને અવનતિનું કારણ બનશે એવું માનતા . પૂ. ગાંધીજીએ ઈ .સ. ૧૯૨૦માં ભરાયેલી ગુજરાતીસાહિત્ય પરિષદમાં ફરમાન જાહેર કર્યું કે:

"આપના કોસ હાંકનાર જેવાના મોંમાંથી અપશબ્દો કઢાવો અને નહિ તો આપણી અવનતિનું પાપ તમારે શિરે રહેશે."

કાકાસાહેબ કાલેલકર , કિશોરલાલ મશરૂવાળા , મહાદેવભાઈ દેસાઈ , સ્વામી આનંદ , નરહરિ પરીખ જેવા સર્જકોગાંધીજીના ઉપર્યુક્ત પડકારને પ્રબળતાથી ઝીલે છે .તો ઉમાશંકર જોશી, સુન્દરમ ,રા.વિ.પાઠક, સ્નેહરશ્મિ , ર .વ.દેસાઈ, ધૂમકેતુ , ઝવેરચંદ મેઘાણી ઈત્યાદિના સર્જનમાં વિશ્વશાંતિ , વિશ્વ બંધુત્વ, દીન દરિદ્ર પ્રત્યે હમદર્દી , દલિતોની પીડા , અસ્પૃશ્યતા નિવારણ, દેશદાઝ ઇત્યાદિ ભાવાના કળાત્મક રૂપે પ્રગટે છે . આ સમયનાગદ્ય – પદ્ય ઉભય સ્વરૂપમાં ગાંધી મૂલ્યોની વ્યાપક અસર અનુભવાય છે . ડૉ. ધીરુભાઈ ઠાકર ગાંધીજીના વિરાટ વ્યક્તિત્વને બિરદાવતા કહે છે :

'એવી તો વિરલ જ વિભૂતિ હોય , જેનું વ્યક્તિત્વ જમાનાનાં બળો અને સાહિત્ય ની પાર જઈને સમગ્ર દેશના જીવન અને સાહિત્યમાં નવો યુગ પ્રવર્તાવે. ગાંધીજી એવી વિભૂતિ હતા.'

ગાંધીયુગનું સાહિત્ય સમાજાભિમુખાતા નો અનુભવ કરાવે છે પરંતુ ઈ .સ. ૧૯૪૦ ની આસપાસ સાહિત્યજગત એક નવા આયામે આવીને ઊભું રહે છે . ગુજરાતી કવિતા ગાંધી – ઠાકોરના ખભેથી ઊતરી ઠાકુર – અરવિંદની સૌન્દર્ય અને આધ્યાત્મના ભાવને ઝીલે છે. પ્રહલાદ

પારેખ, હરિચન્દ્ર ભટ્ટ તેના પ્રહરી બની રહે છે . ગુજરાતી સાહિત્યમાં આવતું આ પરિવર્તન ગાંધીજીની ઓસરતી અસરનું દ્યોતકછે. સ્વયં ગાંધીજી ઈ.સ. ૧૯૪૭માં કહે છે :

'અત્યારે જે બનાવો બની રહ્યાં છે તેમાં મારું સ્થાન હું ક્યાંય જોતો નથી . તમે જાણો છો ને કે ૧૨૫ વર્ષ જીવવાની આશા મેં છોડી જ દીધી છે.'

સ્વાતંત્ર્ય સંગ્રામનાં યુગવર્તી વિભૂતિનું ઉપરોક્ત નિરાશાજનક વિધાન ઘણું સૂચક છે . ઈ.સ. ૧૯૩૦ પછી રાષ્ટ્રમાં બનતી ઘટનાઓએ સ્વયં ગાંધીજીને હચમચાવી મૂક્યા હતા . ૩૧ની ગોળમેજી પરિષદ અને ઇર્વિન કરારમાં ગાંધીજીને મળેલી નિષ્ફળતા , બીજા વિશ્વયુધ્ધમાં થયેલ નરસંહાર, જાપાન પર અણુબોમ્બનો પ્રયોગ, ૪૨ની લડતમાં હિંસાનું સ્વરૂપ, સ્વાતંત્ર્ય ભારતના ભાગલા, કોમી હુલ્લડો, સત્તા મેળવવાની સાઠમારી તથા મહાત્માની હત્યા જેવી ઘટનાઓથી સર્જકની માનવીય જીવન મૂલ્યો માંથી શ્રધ્ધા સદંતર ઉખડીગઈ. વાસ્તવ જગતની વિષમતાઓથી ત્રસ્ત સંવેદનશીલ સર્જક મન – હ્રદયના આંતરિક સૌન્દર્યને ઝંખે છે . ત્રીશીમાં કેટલીકવાર કવિતા પર ચિંતન અને વિચારનું અતિરેકભર્યું આક્રમણ થયુ . અતિમુખરતા ને પ્રચારાત્મકતા આવી. એ સ્થિતિએ પણ આ કવિઓને કવિતા વિષે સભાન કર્યા હોય . કદાચ એમને લાગ્યું હોય કે કવિનો ધર્મ પરિસ્થિતિ ને પડકાર ઝીલવાનો નહિ : સૌન્દર્ય ને આનંદની નિર્મિતિ કરવાનો છે. પ્રહલાદ પારેખ તો ત્રીશીની સ્વાતંત્ર્ય લડતના સક્રિય સભ્ય હોવા છતાં તેમની કલમે સમાજ – રાષ્ટ્ર નહિ પણ સૌન્દર્ય આકાર પામે છે . તેઓ ગુરુદેવ ટાગોરની શાંતિનિકેતનમાં અભ્યાસ માટે રહ્યાં હતાં . પરિણામસ્વરૂપ તેમનો પ્રગાઢ અસર તેમનાં કાવ્ય સર્જનમાં વર્તાય છે . ' બારી બહાર 'ને આવકારતાં મૂર્ધન્ય વિવેચક ઉમાશંકર જોશી પ્રહલાદ પારેખને સૌન્દર્યલુબ્ધ કવિ તરીકે ઓળખાવે છે.

"આજ અંધાર ખુશ્બોભર્યો લાગતો
આજ સૌરભભરી રાત સારી;
આજ આ શાલની મંજરી ઝરી ઝરી
પમરતી પાથરી દે પથારી."

અહીં અંધકારનું એક શબ્દચિત્ર કવિની કલમ પીંછી બનીને આ વે છે. ઉમાશંકર એટલે જ 'નીતર્યા પાણી' કહે છે. કવિ હરિચંદ્ર ભટ્ટ પણ પ્રહલાદ પારેખની જેમ કાવ્યમાં સૌન્દર્ય તત્વને ઝંખે છે.

ગાંધી વિચારધારાથી પ્રભાવિત બુલંદ ભાવાનામયતા હોવા છતાં શ્રીધરા ણીનું કાવ્યનિર્માણ પોતીકા અલગ પંથે ચાલે છે. 'કોડિયા'માં સમાવિષ્ટ પ્રકૃતિ કાવ્યો વિશેષ આકર્ષક બન્યા છે. તેની ઇન્દ્રિયગ્રાહ્યતાના લીધે પ્રકૃતિમાં રહેલા સૌન્દર્ય ચિત્રની રહસ્ય મય ગતિવિધિને સર્જક આબાદ ઝડપે છે. આ સૌન્દર્ય દ્રષ્ટિના દેવ કવિવર રવીન્દ્રનાથ ટાગોરની છે.

અનુગાંધીયુગની કવિતામાં ગાંધીજી અને અરવિંદની આધ્યાત્મ અનુભૂતિ આકાર પામે છે. આયુગના અગ્રણી કવિઓ નિરંજન – રાજેન્દ્ર છે .બંને કવિઓ સમાન રીતે અંતર્મુખ અને સૌન્દર્યરાગી વલણ દાખવે છે . રાજેન્દ્રશાહવિરચિત 'ધ્વનિ'નું પ્રથમ કાવ્ય 'નિરુદેશ'માં આત્મસાક્ષાત્કારની રહસ્યમય આનંદ જનક આધ્યાત્મિક અનુભૂતિ પ્રગટે છે . આ આધ્યાત્મ ભાવ પછી નિરંજન ભગત , હરીન્દ્ર દવે, સુરેશ દલાલ ઇત્યાદિ કવિઓમાં સુપેરે આલેખાય છે . કવિ રાજેન્દ્ર શાહ 'શ્રાવણી મધ્યાહન'માં પ્રકૃતિના મુગ્ધ સૌન્દર્યને બખૂબી કંડારે છે :

"ત્યાં પંક્માહી મહિષીધણ સુસ્ત બેઠું,

દાદૂર જેની પીઠ પે રમતાં નિરાંતે."

તો'કેવડિયાનો કાંટો'માં પ્રણયભાવની તીવ્રતા અને મુગ્ધતા લોકજીવનના પ્રતીકો દ્વારા પ્રગટાવી આપે છે.

નિરંજન ભગત અનુગાંધીના કાવ્યગુરુની ભૂમિકા ભજવે છે. તેમણે અનુગાંધીયુગના કવિતાના ઘડતરમાં અને એને પ્રસ્થાપિત કરવામાં નોંધપાત્ર યોગદાનઆપ્યું છે. નિરંજન ભગત વિશે નલિન રાવળનોંધે છે :

" નિરંજન એટલે વિહરતી વિદ્યાપીઠ ઠેર ઠેર મિત્રોને ત્યાં , જુદી – જુદી સંસ્થાઓમાં , પોતાના નિવાસસ્થાન ચંદનભુવનમાં તે કાવ્યશિક્ષણના વર્ગો ચલાવતા."

નિરંજન ભગત અને રાજેન્દ્ર શાહ અનુગાંધીયુગ ના પ્રમુખ સર્જકો છે . તેમનો પ્રભાવ સમગ્ર યુગના કવિઓમાં વત્તેઓછે અંશે અનુભવાય છે . તેથી કેટલાંક આ સમયને 'રાજેન્દ્ર – નિરંજન યુગ ' કહેવા પ્રેરાય છે . ઈ.સ. ૧૯૭૮માં પ્રકાશિત જયંત પાઠક ની કવિતાના સંચય 'વગડાનો શ્વાસ'ની પ્રસ્તાવનામાં સુરેશ દલાલ નોંધે છે :

"રાજેન્દ્ર – નિરંજનયુગની કવિતાનું પ્રેરક બળ ગાંધીજી નહિ, પણ ટાગોર – શ્રીધરાણી – પ્રહ્લાદ – હરિચંદ્ર છે." અનુગાંધીયુગની કવિતા પર બંગાળી કવિતા, રવીન્દ્રનાથ ટાગોર ઉપરાંત પાશ્ચાત્યસાહિત્યનો પ્રભાવ પડે છે . હરિચંદ્ર ભટ્ટ, નિરંજન ભગત, નલિન રાવળ, હસમુખ વગેરે

કવિઓ પાશ્ચાત્ય કવિતાના ઊંડા અભ્યાસીઓ છે. ગ્રીક સંસ્કૃતિ – સાહિત્યને આત્મસાત કરી એમાંથી કાવ્યસામગ્રી લઇ કલાકૃતિ રચવાનું કામ હરિચંદ્ર પહેલાં કોઈએ કર્યું જણાતું નથી . ‘પેગાસસ’, ઇકેરસ’, ‘ એકો અને નાર્સિસસ ’ જેવી વિશિષ્ટ રચનાઓ એના ઉત્તમ દ્રષ્ટાંતો છે . હરિચંદ્ર ભટ્ટ તો પોલીસ ભાષાના જાણકાર હતા, તો નિરંજન ભગતની કાવ્યસૃષ્ટિ રિલ્કેના ‘The voice’, બોદલેરની ‘પેરિસ ચિત્રાવલી ’ , ટી.એસ.એલિયટ ‘Wastland’, ડેંટીની ‘નારાક્યાત્રા’ ઈત્યાદિથી પોષાય છે . નલિન અને હસમુખ પણ પાશ્ચાત્ય કવિતાનો સઘન અભ્યાસ કરે છે . પ્રિયકાંત કાવ્યગુરુ નિરંજનનીસહાયથી પાશ્ચાત્ય કવિતાના સંપર્કમાં આવે છે. આ બધાંજ કવિઓ વિદેશી કાવ્ય – સાહિત્યનો અભ્યાસ કરે છે. તે અનુસંગે સર્જન અને ભાવાનુવાદ પણ કરે છે.

આમ ગાંધીયુગના કાવ્ય –સાહિત્યને નવી દિશા, વળાંક આપવામાં જેટલો ફાળો વિદેશી સર્જકોનો છે એથીય વિશેષ પ્રભાવ ભારતીય સાહિત્યનો ગણી શકાય.

**સંદર્ભગ્રંથ:**

૧. મો.ક.ગાંધી, ખરી કેળવણી,૧૯૩૮.

૨.મનુબેન ગાંધી, ‘બિહાર પછી દિલ્હી’,૧૯૬૧.

૩.ધીરુભાઈ ઠાકર, અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા – ગાંધીયુગ અને અનુગાંધીયુગ, ૨૦૦૭.

૪. ડો. રમેશ ત્રિવેદી, અર્વાચીનગુજરાતીસાહિત્યનો ઈતિહાસ, ૨૦૧૧.